# સરકારી વિનયન કૉલેજ, ઝઘડીયા (રાણીપુરા)

## વર્ષ : ૨૦૨૬-૨૦૨૭

## Startup Talk અંતર્ગત

## ગુજરાતી વિભાગ દ્વારા

## 'વિચારથી વ્યવસાય સુધી' વ્યાખ્યાન

**તારીખ :** ૨૫.૦૬.૨૦૨૬

**સમય :** બપોરે ૩:૩૦ થી ૪:૩૦

**કાર્યક્રમનું માધ્યમ :** ઓફલાઈન

**આચાર્યશ્રી :** ડૉ. જયેશ જી. પૂજારા

**સંયોજક :** ડૉ. બીનાબેન વીર, ડૉ. તેજસ ચૌહાણ

**ઉદ્દેશ્ય :**

૧. વિદ્યાર્થીઓમાં સ્ટાર્ટઅપ અંગે જાગૃતિ અને રસ કેળવવો.

૨. નવીન વિચારોને સફળ વ્યવસાયમાં કેવી રીતે પરિવર્તિત કરી શકાય તેની સમજ આપવી.

૩. સ્વરોજગાર અને આત્મનિર્ભરતા તરફ વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા.

૪. સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે જરૂરી આયોજન, નાણાકીય વ્યવસ્થા અને માર્કેટિંગ અંગે પ્રાથમિક માર્ગદર્શન પૂરું પાડવું.

૫. વિદ્યાર્થીઓને રોજગાર શોધનાર કરતાં રોજગાર સર્જનાર બનવા માટે પ્રોત્સાહિત કરવા.

**પ્રમાણપત્ર આપવાના થાય છે ?** - ના

**સહભાગી વિદ્યાર્થીઓની સંખ્યા : કુલ ૧૦ (૭ ભાઈઓ અને ૩ બહેનો)**

### કાર્યક્રમનો અહેવાલ

સરકારી વિનયન કૉલેજ, ઝઘડીયા (રાણીપુરા)ના ગુજરાતી વિભાગ દ્વારા કૉલેજના આચાર્યશ્રી ડૉ. જયેશ જી. પૂજારા સાહેબના માર્ગદર્શન હેઠળ તારીખ ૨૫.૦૬.૨૦૨૬ના રોજ Startup Talk અંતર્ગત **'વિચારથી વ્યવસાય સુધી'** વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગુજરાતી વિભાગના

અધ્યાપિકા ડૉ. બીનાબેન વીરે વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ વિશે સમજ આપી, સફળ સ્ટાર્ટઅપનાં મૂળ તત્ત્વોથી પરિચિત કરાવ્યા. એક સામાન્ય વિચારને સફળ વ્યવસાયમાં કેવી રીતે પરિવર્તિત કરી શકાય તેના વિશે વાત કરી અને તે માટે મળતી નાણાકીય સહાય વિશે માર્ગદર્શન આપ્યું તેમજ Flipkart, OLA, Zomato, ગૃહઉદ્યોગ, ડેરીઉદ્યોગ, અનુવાદ સેવા, ઓનલાઈન શિક્ષણ, માર્કેટિંગ વગેરે સ્ટાર્ટઅપનાં ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને નવીન વિચારસરણી અપનાવી આત્મનિર્ભર બનવા માટે પ્રેરિત કર્યા. ત્યારબાદ ગુજરાતી વિભાગના અધ્યાપક ડૉ. તેજસ ચૌહાણે ઓર્ગેનિક ખેતી, ફૂલોની ખેતી, જમીન ભાડે આપીને આવક મેળવવી વગેરે જમીન આધારિત સ્ટાર્ટઅપના વિચાર વિશે વાત કરી. આ કાર્યક્રમમાં કૉલેજના કુલ ૧૦ વિદ્યાર્થીઓ સહભાગી થયાં હતાં.

**કાર્યક્રમની તસવીરો :**










GPS Map Camera
Google
Ranipara, Gujarat, India
P45m+23q, Ranipara, Gujarat 393110, India
Lat 21.70729° Long 73.132895°
Thursday, 25/06/2026 03:47 PM GMT +05:30


GPS Map Camera
Google
Ranipara, Gujarat, India
P45m+23q, Ranipara, Gujarat 393110, India
Lat 21.70731° Long 73.132907°
Thursday, 25/06/2026 03:55 PM GMT +05:30


GPS Map Camera
Google
Ranipara, Gujarat, India
P45m+23q, Ranipara, Gujarat 393110, India
Lat 21.707323° Long 73.132904°
Thursday, 25/06/2026 03:54 PM GMT +05:30


GPS Map Camera
Google
Ranipara, Gujarat, India
P45m+23q, Ranipara, Gujarat 393110, India
Lat 21.707317° Long 73.1329°
Thursday, 25/06/2026 03:54 PM GMT +05:30

***